# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન • વર્ષ : ૨ • અંક : ૧૯ • સળંગ અંક : ૭૦ • તા. ૧૨ ઓક્ટોબર થી ૧૮ ઓક્ટોબર ૨૦૧૯

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.




# દિલ્હીમાં નેશનલ હ્યુમન રાઈટ્સ કમિશન દ્વારા યોજાયેલ ડિબેટમાં મયંક લોડાયા(ભાટે)નું પ્રભાવશાળી પ્રાઈઝ વિનિંગ વકતવ્ય

આ વસંત ખીલે શત પાંખડી હરિ આવોને,
આ સૃષ્ટિએ ધરિયા સોહાગ, હવે તો હરિ આવોને,
આ વિશ્વ વદે છે વધામણી, હરિ આવોને,
આવી વાંચો અમારા સૌભાગ્ય, હવે તો હરિ આવોને,
આ ચંદરવો કરે ચંદની, હરિ આવોને,
વેંચા તારલિયાના ફૂલ, હવે તો હરિ આવોને,
પ્રભુ, પાથરણાં દૈશ, પ્રેમના હરિ, આવોને
દિલવારી કરીશ સહુ ફૂલ હવે તો હરિ આવોને

– કવિ ન્હાનાલાલ



નીશિથ આનંદ દંડ

Sure Safety®
Complete Safety Solutions
PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

લક્ષ્મીચંદ લાલજી પોલડીયા

પ્રવીણ હંસરાજ લોડાયા

તિલોકચંદ નરશી દંડ

કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# ત્રણ કુળને તારનારી દીકરી

ભારતની કુટુંબ-સમાજ વ્યવસ્થા પરંપરાગત રીતે પુરૂષ પ્રધાન છે. અગાઉ શિક્ષણ ઓછું પ્રચલિત હતું. ટેકનોલોજીની અસર ન હતી. વડીલોની આમન્યા તળે કુટુંબના સભ્યો આદર માન જાળતા હતા. પણ હવે શિક્ષણનું મહત્વ વધયું છે. વિજ્ઞાનની પ્રગતિથી સંદેશ વ્યવહાર, અવર જવર માટેના ઝડપી વાહનોના પ્રતાપે પ્રવાસ કરવું સુવિધા જનક થયું છે. ગામડાઓ ભાંગતા જઈ શહેરો વિકસતા જાય છે. ભણતરને લીધે વિચારોમાં મોકળાશ વધી છે. મહિલાઓ શિક્ષણ પામી આગળ વધી રહી છે. પુરૂષોની બરોબરનો દરજ્જો મહિલાઓને મળવા લાગ્યો છે.

આ વૈચારિક પરિવર્તનને લીધે બેટી બચાવ બેટી પઢાવ જેવા નારાને લીધે ભ્રુણ પરીક્ષણ બંધીને કારણે દીકરીઓનો જન્મ દર વધવા પામ્યો છે. પહેલાંની જેમ દરેક કુટુંબમાં ત્રણથી પાંચ સંતાન સામાન્ય રહેતાં તે હવે એક કે બે, પછીએ દીકરા હોય કે દીકરીઓ ત્યાં સુધી સીમિત રહી ગયો છે. વર્તમાન સમયની વાત કરીએ તો દીકરા દીકરી વચ્ચેની ભેદરેખા હવે અમુક અંશે જ નજરે પડે છે. આજે સ્ત્રી પુરૂષના ખભે ખભા મેળવી તેને દરેક ક્ષેત્રમાં સાથ આપે છે. એટલું જ નહીં અમુક ક્ષેત્રમાં પુરૂષ કરતાં સ્ત્રી બે ડગલાં આગળ છે. એમ કહીએ તો ખોટું નથી.

ભૂતકાળ સમયની વાત કરીએ તો બહુધા જણ દીકરીને પરિવારનો બોજ સમજતા. ઘરમાં માત્ર દીકરીનો જન્મ ન હોવો જોઈએ. કારણકે પરિવારમાં જન્મી ઉછરી કેળવણી તાલીમને શિક્ષણ લઈ સજ્જ થયેલી દીકરી પરણીને અન્ય પરિવારમાં સમાઈ જાય છે. પિયરવાળાઓએ તેની પાછળ કરેલું રોકાણનું વળતર સાસરા પરિવારને આપે છે. એવી માન્યતા હવે ભાંગીને ભૂકો થઈ ગઈ છે. પરિવારનો ચક્ર દીકરી છે કારણકે દીકરી જ ભવિષ્યની પુત્રવધૂ છે અને માતા છે. દીકરીથી જ પરિવારમાં દીકરાઓ જન્મશે. માન્યતા એવી પ્રવર્તે છે કે દીકરીઓ આપણા કુળને તારે છે. પણ હકીકતમાં જોઈએ તો દીકરી ત્રણ કુળને તારે છે. મોસાળનું, પિયરનું અને સાસરીયાનું પોતાની કલા કૌશલ અને કાર્યથી નામ બુલંદ કરનાર કોની દોહિત્ર છે, કોની પુત્રી છે અને કયા પરિવારની પુત્રવધૂ છે એ સમાજમાં પૂછાય છે.

આજે જે કામ દીકરો કરે છે તે જ કામ તેનાથી ચડિયાતી રીતે દીકરી કરી શકે છે. જેટલું વધું શિક્ષણ તે મેળવશે તેટલી તેની વૈચારિક શક્તિ વધુને વધુ ખીલે છે.

ઘરની દીવાલો પર કંકુ થાપાની છાપ મૂકી રડતી વિદાય થનાર દીકરી પિતાના ઘરના સંબંધો, વ્યવહારો, સંસ્કારો એટલું જ નહીં નામ સરનામાં અને સંબંધો છોડીને નવા ઘરે એક રોપો ઉખેડીને અન્યત્ર રોપાય એમ વસે છે. દીકરીનું જીવન લગ્ન પછી અનેક રીતે બદલી જાય છે. નવા સંબંધો, નવી વ્યક્તિઓના સ્વભાવો સાથે એડજેસ્ટ કરી પોતાની જાતને ઓગાળી દઈ પોતાનો નવો ઘાટ ઘડે છે. આ ત્યાગ અને તપનો પ્રભાવ તે પરિવારને આપી તેને કુટુંબને સ્વાપર્ણ કરે છે. ઘરના કમાઉ દીકરાને જે માન પાન અને સ્થાન મળે છે એ જ માન પાન અને સ્થાન પુત્રવધૂને પણ મળવા જોઈએ. ઈન્જિનિયર બનેલ પુત્ર મકાન ચણી શકે છે. પણ એ મકાનને મંદિરમાં રૂપાંતરિત કરવાનું કામ માત્ર પુત્રવધૂ જ કરી શકે છે આ પૂત્રવધૂને પુત્રી ગણી તેનું માન સ્વમાન અને લાગણી પ્રેમ પરિવારમાં મળે તેની કાળજી સંભાળ લેવાય એવો વિચાર સર્વત્ર પ્રર્વતવો જોઈએ જો આપણે સમજીશું, સુધરશું અને બદલશું તો સમાજ પણ આપણી રાહે ચાલશે.

– જય જ્ઞાતિમૈયા

# દિલ્હીમાં નેશનલ હ્યુમન રાઈટ્સ કમિશન દ્વારા યોજાયેલ ડિબેટમાં મયંક લોડાયા(ભાટે)નું પ્રભાવશાળી પ્રાઈઝ વિનિંગ વક્તવ્ય




તા.૨જી ઓક્ટોબરના નેશનલ હ્યુમન રાઈટ કમિશન દ્વારા નવી દિલ્હીમાં એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના એક ભાગરૂપે એક ચર્ચા સભા (ડીબેટ)નું આયોજન કરવામાં આવ્યું હતું. આપણા સમાજ માટે એ ગૌરવની વાત છે કે આ ડીબેટમાં એકમાત્ર કચ્છી અને મૂળ ગામ રાપર ગઢવારીના હાલ પુના વસતા રીટાબેન અને ભરતભાઈ લોડાયાના સુપુત્ર મયંક ભરત લોડાયા(ભાટે) જે સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સીક્યુરીટી ફોર્સમાં કાર્યરત છે તેમણે પ્રભાવશાળી વક્તવ્ય આપીને દ્વિતીય ઈનામ પ્રાપ્ત કર્યું હતું.

આ વક્તવ્યમાં જોરદાર રજૂઆત કરતાં મયંકે જણાવ્યું હતું કે નેશનલ સીક્યુરીટીના નામ હેઠળ કહેવાતા આતંકવાદીઓ વિરુદ્ધ કરવામાં આવતી કાર્યવાહી નથી માનવતાભરી (હ્યુમન) કે નથી સાચી(રાઈટ). સીક્યુરીટી દળો દ્વારા સ્વ બચાવમાં કહેવાતા આતંકવાદીઓને ગોળીએ ઠાર મારવાની પ્રથા રાષ્ટ્રીય સલામતીના નામે શુન્ય એકાઉન્ટીબીલીટી ધરાવે છે. આ ડીબેટમાં તેમણે ભગવાન મહાવીર, બુદ્ધ અને બાઈબલમાંથી જીવમાત્રને જીવનનો અધિકાર આપતા અવતરણો ટાંક્યા હતા. આપણું બંધારણ પણ ભારતના દરેક નાગરિકને જીવવાનો અધિકાર આપે છે. તેમના આ જોરદાર વક્તવ્યે તેમને આ ડીબેટમાં બીજું ઈનામ અપાવ્યું હતું.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ-મુલુંડ દ્વારા સરસ્વતી સન્માન ઉત્સાહપૂર્વક સંપન્ન





દર વર્ષની પરંપરા  પ્રમાણે શ્રી ક.દ.ઓ. સર્વોદય મંડળનો ''સરસ્વતી સન્માન સમારોહ ૨૦૧૯'' આ વર્ષે તા. ૧૩-૧૦-૨૦૧૯ના સવારના ૧૦.૩૦ વાગે મુલુન્ડ વેસ્ટ મધ્યે પરમેશ્વરી પ્લાઝા ખાતે આર્ટ ઓફ લિવિંગ કેન્દ્રના વિશાળ સભા ખંડમાં ઉત્સાહપૂર્વક યોજાયો. પ્રોગ્રામની શરુઆત માં પધારનાર સૌ વિદ્યાર્થીઓને રજીસ્ટ્રેસન બાદ સર્વે આમંત્રિત મહેમાનો અને જ્ઞાતિજનોને ચા પાણી/નાસ્તા દ્વારા આવકાર્યા હતા.

આ વર્ષના ''સરસ્વતી સન્માન'' ના સૌજન્ય દાતા જ્ઞાતિ ના મુલુન્ડ માં વસવાટ કરતા ત્રણ સફળ ઉદ્યોગપતિ પરિવારના હીરાચંદ વેલજી છેડા તથા સંજય ચીમનલાલ નાગડા (FIBROL NON-IONICS PVT. LTD.), રાજેન્દ્ર કાંતિલાલ મોતા તથા શ્રીમતી પારુલબેન રાજેન્દ્ર મોતા (TIKITAR GROUP) અને હંસકુમાર શામજી શિયાલ તથા શ્રીમતી લીનાબેન હંસકુમાર શિયાલ (HEMANT SURGICAL LTD.) રહ્યા હતા.

ગત વર્ષ ની જેમ આ વખતે પણ મંડળ દ્વારા જ્ઞાતિની ત્રણ યુવા પ્રતિભા (૧) કુ. પલક પ્રતીક ધરમશી-ઉ.વ.૧૪-(મુંબઈ ની અંડર ૧૯ ક્રિકેટ ટીમ ની સભ્ય) (૨) હીર ગીતેશ નાગડા-ઉ.વ.૧૮-(મહારાષ્ટ્ર તરફથી રાષ્ટ્રીય સ્તરે સ્વિમિંગ સ્પર્ધામાં ગોલ્ડ મેડાલીસ્ટ) (૩) મયંક રુપેન ધુલ્લા-ઉ.વ.૨૩- (સીએ ફાઇનલ પરીક્ષામાં રાષ્ટ્રીય સ્તરે ૪૫મુ સ્થાન) ને આમંત્રણ આપી તેમની વિશેષ સિદ્ધિ બદલ બિરદવામાં આવ્યા હતા. આ ત્રણે આમંત્રિત યુવા પ્રતિભાઓ ની સિદ્ધિની જાણકારી મંડળ વતી કુ. ક્રીશીતા હીનેશ લોડાયા, લય તેજસ લાલકા અને કુ. સાંચી રાજેન્દ્ર ધુલ્લા એ આપી હતી. આ ક્ષણે ત્રણે યુવા પ્રતિભાઓ એ પોતાની કારકિર્દી ના ઘડતર દરમ્યાનના અનુભવો અને વડીલો તેમજ પરિવાર તરફ થી મળેલ પ્રોત્સાહન,



# શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ-મુલુંડ દ્વારા સરસ્વતી સન્માન ઉત્સાહપૂર્વક સંપન્ન







સહકાર અને સમજ ની વાતો વાગોળી હતી. મંડળે ત્રણે યુવા પ્રતિભાઓના પરિવારો ને મંચ પાર બોલાવી અભિનંદન આપેલ ત્યારે હાજર રહેલ જ્ઞાતિજનો એ તાળીઓથી અભિવાદન કરેલ.

સમારોહ ની શરૂઆતમાં મંડળ ના પ્રમુખ શ્રી મયુર મણિકાંત ધુલ્લાએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ સર્વ જ્ઞાતિજનો ને આવકાર આપ્યો હતો. ત્યારબાદ ત્રણે સૌજન્ય દાતા પરિવાર તથા આમંત્રિત ત્રણે યુવા પ્રતિભા અને મંડળ ના પ્રમુખ શ્રી દ્વારા શ્રી સરસ્વતી માતાજી, શ્રી મહાવીરસ્વામી ભગવાન અને જ્ઞાતિ શિરોમણી શેઠ શ્રી નરશી નાથા ની છબી ને માલ્યાર્પણ કરી દીપ પ્રાગટ્ય કરવાની વિધિ કરવા માં આવી હતી. શ્રીમતી સેજલ જીંતન દંડ દ્વારા નવકાર મંત્ર અને સરસ્વતીવંદનાનું પઠન કરવામાં આવેલ.




મંડળ દ્વારા આ વર્ષ ના સૌજન્ય દાતા પરિવારો અને યુવા પ્રતિભાઓ ને સુંદર સ્મૃતિચિન્હ ભેટ આપવા માં આવ્યા હતા. તદ્ ઉપરાંત મંડળ ને ગત વર્ષ દરમ્યાન સહાયરૂપ થઇ યોગદાન આપનાર અને હાલ માં વિદેશપ્રવાસે ગયેલ ડો. જયંતિ લાલકા ને યાદ કરવામાં આવ્યા હતા. સર્વોદય મંડળને હંમેશ સહાયરુપ થનાર HD FIRE ગ્રુપના ધરમશી પરિવારને પણ ISROની ચંદ્રયાન-૨ ની યાદગાર સફળ યાત્રામાં વ્યવસાયિક રીતે સંકળાવા બદલ બિરાદવામાં આવ્યા હતા. વર્ષોથી સર્વોદય મંડળ ને દરેક પ્રવૃતિ માં સહાયરુપ થનાર મણિકાંત હીરજી ધુલ્લા પરિવારનું પણ સન્માન કરાયું હતું. આ સર્વે મહાનુભાવ પરિવારોને મંડળના પ્રથમ ‘‘પ્રીવિલેજ કાર્ડ‘‘ અર્પણ કરવામાં હતા.

‘‘પ્રીવિલેજ કાર્ડ‘‘ યોજના હેઠળ અત્યાર સુધી મુલુન્ડ તથા અન્ય પરા ના લગભગ ૧૦૫ વ્યવસાયિક પ્રતિષ્ઠાન જેવા કે રેસ્ટોરન્ટ, દવાની દુકાન, ડોક્ટર, હોસ્પિટલ, રેડીમેડ ગારમેન્ટ, બ્યૂટી પાર્લર દ્વારા આ કાર્ડ ઉપર મળનાર લાભ ની જાણકારી





# શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ-મુલુંડ દ્વારા સરસ્વતી સન્માન ઉત્સાહપૂર્વક સંપન્ન





ને કાર્યક્રમ દરમ્યાન સભાખંડમાં દર્શાવા માં આવ્યા હતા અને સૌ ને સંસ્થા ના સભ્ય બની પોતાનો સંપૂર્ણ ડેટા અપડેટ કરાવવા વિનંતી કરાઈ હતી જેથી મુલુન્ડ ના સર્વ જ્ઞાતિજનો ''પ્રીવિલેજ કાર્ડ'' નો લાભ લઇ શકે.

શૈક્ષણિક વર્ષ ૨૦૧૮ - ૧૯ દરમ્યાન વિવિધ અભ્યાસક્રમ ના બોર્ડમાં ધોરણ ૧ થી પોસ્ટ ગ્રેજ્યુએટ પરીક્ષા માં ઉચ્ચ ગુણાંકો સાથે ઉતીર્ણ થયેલા ૫૬ બાળકો અને યુવાનોનું સર્ટિફિકેટ, મેડલ અને ભેટ દ્વારા ત્રણે સૌજન્ય દાતા પરિવારો ના હસ્તે બહુમાન કરવામાં આવ્યું હતું.









મંડળ ના સમાજલક્ષી કાર્ય ને આગળ ધપાવવા હાલ ના પદાધિકારીઓએ ''NEEV'' યોજના ની વિગતો ફરી એકવાર હાજર રહેલ જ્ઞાતિજનો સમક્ષ આપી હતી અને જેમ ટીપે ટીપે સરોવર ભરાય તેમ એક એક ''NEEV'' દ્વારા સમાજ ના ભવિષ્ય ના ઘડતર માં સહભાગી થવાની ફરી એકવાર હાકલ કરી હતી. જેનો સુંદર પ્રતિસાદ ત્રણે સૌજન્ય દાતા પરિવારો, હાજર મહાનુભવો અને જ્ઞાતિજનો તરફથી મંડળ ને પ્રાપ્ત થયો હતો. આ પ્રસંગે ખાસ આમંત્રણ થી પધારેલ અને મંડળ



# શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ-મુલુંડ દ્વારા સરસ્વતી સન્માન ઉત્સાહપૂર્વક સંપન્ન






ની પ્રવૃતિઓને પ્રોત્સાહિત કરનાર શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને સાધારણ ફંડ ટ્રસ્ટના ટ્રસ્ટી તેમજ મુંબઈ મહાજનશ્રી ના પ્રમુખ શ્રી કલ્પેશ માણેકજી મોતા અને સહટ્રસ્ટી શ્રી બિપિન પાશ્વીર નાગડા એ શ્રી અનંતનાથજી ટ્રસ્ટ વતી ''NEEV'' યોજના માં મોટુ યોગદાન જાહેર કરેલ.




સમારોહ અને સમાજ ની અગત્યતા સમજીને મહારાષ્ટ્ર વિધાનસભાની આગામી ચૂંટણી ના BJP ઉમેદવાર મિહિર ચંદ્રકાન્ત કોટેચા એ સમારોહ માં હાજરી આપીને સમાજ ને બિરદાવ્યો હતો અને દરેક ને મતદાન કરવા આગ્રહ કર્યો હતો.

બરાબર સમયસર ચાલુ થયેલ સમારોહ ચાર કલાક સુધી ચાલ્યો હતો. કાર્યક્રમ દરમ્યાન સમયાંતરે powerpoint પ્રેસેંટેશન તેમજ સ્ટેન્ડિઝ દ્વારા મંડળ ની વિવિધ પ્રવૃતિનો ચિતાર આપ્યો હતો. આ કાર્યક્રમનું સફળ સંચાલન અને આભારવિધિ મંડળના માનદમંત્રી જીજ્ઞેશ કુંવરજી મોતા અને










# શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ-મુલુંડ દ્વારા સરસ્વતી સન્માન ઉત્સાહપૂર્વક સંપન્ન












શ્રીમતી વિરાજ મયુર ધુલ્લા દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમની પુર્ણાહુતિ રાષ્ટ્રગાન થી કરાઈ હતી.



શ્રી ક.દ.ઓ. સર્વોદય મંડળના દરેક કાર્યક્રમની માહિતીને મુલુન્ડમાં વસવાટ કરતા જ્ઞાતિજનો સુધી પહોંચાડવા મીડિયા પાર્ટનર જયંતભાઈ છેડા અને ગુર્જરમાતના યોગદાનનો આ કાર્યક્રમના મંચ પરથી વિશેષ ઉલ્લેખ કરવામા આવ્યો હતો. કાર્યક્રમ ને સફળ બનાવવા માટે બટરફ્લાય ઈફેક્ટ-પ્રેમ ચુરલા/પૂજા ગડા, ઓનલાઈન પ્રિન્ટસ-ભૌમિક લોડાયા, રે વિઝન-રાજ/દેવેન મૈશેરી, મયુર પ્રિન્ટસ-પિયુષ ધરમશી, સિદ્ધકાશ ડિજિટલ- સંદીપભાઈ, ધનરાજ હોસ્પિટાલીટી-ધનરાજ ખોના, પ્રતાપ કેટરર્સ-અંકુશ પોલ/બાલાની મહેનત બદલ મંડળ તરફ થી આભાર માનવામાં આવ્યો હતો. સંપૂર્ણ આયોજનને સફળ બનાવવામાં મંડળની વર્તમાન કારોબારી સમિતિ, મહિલા વિભાગ, એડ્યુકેશન ફોરમ, સિટીઝન વેલ્ફર ફોરમ તેમજ યુવા volunteerની ટીમે મહત્વનો ભાગ ભજવ્યો હતો.







Organises

# NATURE CURE CAMP

## SEASON 4

Date: 22nd February to 1st March 2020

Only at

Rs. 5400/- (NonAC-four sharing basis)
Rs.7300/- (NonAC-two sharing basis)
Rs.9200/- (AC-two sharing basis)

Includes Stay, Food and Treatments | Excludes Tickets (For all age K.D.O.)

| | | | |
|---|---|---|---|
| Complete Accommodation in Well Furnished Rooms | Natural Diet With Natural Herbal Drinks & Fresh Fruit Juices | | |
| Counselling | Foot & Arm Baths | Ice Applications | |
| Reflexology | Mud Applications | Meditation & Yoga | |
| Magneto Therapy | Kidney Pack | Hot & Cold Fomentations | |
| Local Steam | Wet Packs | Enema | Gastro Hepatic Pack |

# Limited seats first come first serve basis*

**For Registrations Contact**

Sandeep Shah 9867167387 | Nital Lodaya 9819680021 | Yashodhan Karani 9821137737

Naturopathy Yoga Ayurveda Relaxation Rejuvenation

*Terms and conditions apply

RATAN VEER NATURE CURE CENTRE, KUTCH, BIDADA

# વડોદરા શાઈનીંગ સ્ટાર પાઠશાળામાં સરસ્વતી પૂજન આરાધના





શ્રી કચ્છી દસા ઓસવાલ જૈન સમાજ વડોદરા સંચાલિત શાઈનિંગ સ્ટાર પાઠશાળામાં પ.પૂ. સાધ્વીશ્રી હિતપ્રજ્ઞાશ્રીજી.મ.સા.ની નિશ્રામાં સરસ્વતી પૂજનનું ધર્મ મય આયોજન કરાયું. પાઠશાળાના બાળકો-બાલિકાઓ ભાવપૂર્વક આયોજનમાં જોડાયા હતા.

# તિરૂપુરમાં નવરાત્રિની રંગેચંગે ઉજવણી કરાઈ



તામિલનાડુ રાજ્યના તિરૂપુર નગરના શ્રી ગુજરાતી શુભેચ્છક મંડળ દ્વારા સભ્યો માટે તા.૨૯ સપ્ટેમ્બર થી તા. ૮ ઓક્ટોબર સુધી દરરોજ રાત્રે ૯.૩૦ થી દાંડીયા રાસ અને ગરબાની રમઝટ ખાસ મોરબીથી આવેલ પીયૂષભાઈ અને તેમની પાર્ટીના સાથી કલાકારો દ્વારા થતી હતી. દરરોજ રાત્રે મંડળના સભ્યો માટે રાત્રિ ભોજનની વ્યવસ્થા પણ રખાઈ હતી. ગુજરાતી સમાજના ભાઈ, બહેનો, બાળકો સાથે બાલિકાઓ દસેદસ દિવસ મોટી સંખ્યામાં હાજર રહી આયોજનને ભવ્યતા આપી હતી. નવરાત્રિ મહોત્સવ દરમ્યાન નાના અને મોટેરાઓ માટે બેસ્ટ ડ્રેસ પરિધાન અને બેસ્ટ ગરબા તથા બેસ્ટ દાંડીયા રમનારને વિજેતા જાહેર કરી ઈનામ અપાયા હતા.

કાર્યક્રમનું ઉત્તમોત્તમ આયોજન શુભેચ્છક મંડળના પ્રમુખ પ્રવીરાજ મહેતા, ઉપપ્રમુખો હસનુખ પંચમિયા અને સુરેશ જે. વિભાકર, મંત્રીઓ નારાયણદાસ પવાણી, પ્રકાશ અંજારીયા, ભરત પૂજારા અને ખજાનચીઓ સતિશ નાગડા અને હરીશ દેસાઈએ કર્યું હતું.

# ગોરેગાંવ સંઘમાં હીંમકાર અનુષ્ઠાનની ધર્મ આરાધના થઈ

શ્રી ગોરેગાંવ અચલગચ્છ જૈન સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી હિતગુણાશ્રીજી મ.સા.ની ૫૮મી ઓળીની પૂર્ણાહુતિની ઉજવણી પ્રસંગે હીંમકાર અનુષ્ઠાનનું ધર્મ આરાધના આયોજન કરાયું. જેમાં ૨૪ તીર્થંકર પરમાત્માની વિશિષ્ટ આરાધના કરવામાં આવેલ. સકળ સંઘના શ્રાવક શ્રાવિકાઓ આ પ્રસંગમાં ઉમંગભેર હાજરી પૂરાવી ધન્ય ધન્ય બનાવ્યો હતો.





## શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ મુલુંડનો નેચર ક્યોર કેમ્પ સીઝન-૪નું આયોજન

વર્ષ ૧૯૬૪માં સ્થાપિત શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સર્વોદય મંડળ મુલુંડ ધાર્મિક આરોગ્ય, સાંસ્કૃતિક વિગેરે સમાજપયોગી કાર્ય કરીને સર્વેજનોની સમીપ રહ્યું છે. નેચરોપથી, યોગ, આયુર્વેદ, માનસિક ઉપચારથી સ્વસ્થતા પ્રાપ્ત થાય એ ઉદ્દેશથી સતત ત્રણ કેમ્પની સફળતા બાદ નેચર ક્યોર કેમ્પનો ચતુર્થ મણકો રતનવીર નેચર ક્યોર સેન્ટર બિદડા કચ્છમાં તા.૨૨ ફેબ્રુઆરી ૨૦૨૦ શનિવાર થી રવિવાર તા.૧ માર્ચ ૨૦૨૦ સુધી આયોજિત કરાયો છે.

કેમ્પમાં સહભાગી થવા રૂા.૫૪૦૦ નોન એસી ચાર જણ સેરીંગ રૂમ રૂા.૭૩૦૦ નોન એસી બે જણ શેરીંગ રૂમ તથા રૂા.૯૨૦૦ એસી રૂમ બે જણ શેરીંગના ધોરણે ચાર્જીસ રખાયા છે. આ દરમાં રહેવા જમવાનું ઉપચાર વિવિધ પધ્ધતિઓ દ્વારા આમાં આવવા જવાનું ટ્રેન-કે-બસ ભાડું સામેલ નથી. મર્યાદિત સીટો હોવાને લીધે વહેલો તે પહેલાના ધોરણે વહેલી તકે રજીસ્ટ્રેશન કરાવવા સંપર્ક કરવો સંદીપ શાહ-૯૮૬૭૧૬૭૩૮૭, નીતલ લોડાયા-૯૮૧૯૬૮૦૦૨૧ તથા યશોધન કારાણી-૯૮૨૧૧૩૭૭૩૭

## સમસ્ત મહાજન અને જ્ઞાતિજનોના અમૂલ્ય સાથથી સંજીવની પેટ્રન સ્કીમ જડીબુટ્ટીનું કામ કરે છે

સમસ્ત મહાજનની મેડિકલ કમિટીની સંજીવની યોજના જ્ઞાતિજનોને માટે જડીબુટ્ટી જીવનરક્ષક જેવું ઉત્તમ કાર્ય કરી રહી છે. એક પછી એક એમ આજ સુધી દસ કેસમાં મૂલ્યવાન પેટ્રન, સમસ્ત મહાજનના સૌ પદાધિકારીઓ, મેડિકલ કમિટીના ખંતીલા સભ્યો જ્ઞાતિજનો માટે સંકટ સમયની સાંકળ બની તારણહારની ભૂમિકા ભજવી રહ્યાં છે.

હાલમાં સંજીવની યોજનાના કેસ નં.૧૦ના પેશન્ટ કિશોર લખમશી લોડાયા (ઉ.વ.૭૦) મોટી સિંધોડી, બેંગલૂરૂ સેન્ટ માર્થસ હોસ્પિટલ બેંગલૂરૂમાં લાંબી સારવારથી સ્વસ્થ થઈ ઘરે પ્રસ્થાન કરેલ છે. જે માટે સમસ્ત મહાજન ટ્રસ્ટી કીર્તિભાઈ ધરમશી, બેંગલૂરૂ મહાજન અને મેડિકલ કમિટીના સભ્યો શ્રીમતી પંકજ ધરમશી બેંગલૂરૂએ ઉત્તમોત્તમ સાથ અને સંકલન કરી પેશન્ટના સ્પોર્ટમાં અડગ ઉભા રહ્યાં તેમની અનુમોદના.

## વડોદરા નગરે પ.પૂ.મ.સા.નો જન્મ પ્રસંગ ભક્તિભાવ સાથે ઉજવાયો

તા. ૧૦-૧૦-૧૯૫૫ સમગ્ર અચલગચ્છ જૈન સમાજ માં કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ માટે અતી ગર્વ લેવા જેવી બની ગઈ. સલુણા સાંયરા ગામના પ.પૂ.સા. શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. નો જન્મ માતુશ્રી ગુણવંતીબેન જેઠાભાઈ લાપસીયા (ગુણમાલાશ્રીજી મ.સા.) ના કુખે થયો. અને ચારે તરફ જાણે આનંદ અને અતિહર્ષની લહેર વ્યાપી ગઈ. પૂ. શ્રી એ ૨૫ વર્ષની ઉમરે દિક્ષા ગ્રહણ કરી લાપસીયા પરિવારને માન અને પ્રતિષ્ઠા અપાવી. અને ઉત્તરોત્તર ઉગ્ર તપ ના સહયોગથી ઉચ્ચ કક્ષાનું જ્ઞાન મેળવી સમગ્ર ક.દ.ઓ. જ્ઞાતિનું માન -સન્માન વધાર્યુ.

આવા પ્રભાવશાળી ગુરૂદેવની નિશ્રામાં વડોદરા નગરી પાવન બની છે અને સમગ્ર વડોદરા પંથકમાં આ ચાર્તુમાસ વિશિષ્ટપણે ઉજવાઈ રહયો છે. પૂ. શ્રી ના જન્મ દિને બહોળી સંખ્યામા સાધકો ઉપસ્થીત રહ્યા. અને ૪૫ જેટલા આયંબિલ થયા. સંઘના હાજર રહેલા તમામ સભ્યોએ પૂ. શ્રી ને જન્મદિન નિમિત્તે વિશેષ બર્થડે કાર્ડ આપ્યા અને પૂ.શ્રી એ બધાને રિર્ટન ગીફ્ટ સ્વરૂપે એકાસણા, આયંબિલ, મૌનવ્રત, ચૌવિહાર, દેવ-દર્શન-પૂજા, જેવી ધાર્મિક ક્રીયાઓ કરવાના વચનો પણ લીધા. પૂ.સા. ઋજુપ્રજ્ઞાશ્રીજી મ.સા. સંચાલીત ધાર્મિક હાઉસી ગેમમાં ઉપસ્થીત દરેક સાધકોને ગીફ્ટ પણ આપવામાં આવી. અને ૧૦૦ રૂા.ની પ્રભાવના કરવામાં આવી. આમ પૂ. શ્રી નો જન્મ દિવસ વડોદરા માટે એક યાદગાર પ્રસંગ બની રહયો.

## મુલુંડ સંઘમાં પ.પૂ.હિંકારસાગરજી મ.સા.ની ૯૫મી આયંબિલ ઓળીના પારણા

તા.૧૭ ઓક્ટોબર ગુરૂવારે મુલુંડ પશ્ચિમમાં ચાતુર્માસ અર્થે બિરાજમાન પ.પૂ.કમલપ્રભસાગરજી મ.સા.ના શિષ્ય ૮૭ વરસ દીર્ઘઆયુના પ.પૂ.મુનીરાજ શ્રી હિંકારસાગરજી મ.સા.ની ૯૫મી આયંબિલની ઓળીના પારણા નિમિત્તે પૂજ્ય શ્રી તેમના સાંસારિક ઘરે ઝવેર રોડ સ્થિત ગીતા ભુવનમાં વાજતે ગાજતે સવારે ૭ કલાકે સંકલ સંઘ સાથે વાજતે ગાજતે પધાર્યા હતા.

## શ્રી અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘના નવા વરાયેલા પદાધિકારીઓ

શ્રી અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘના દિવાળી બાદ નવા વર્ષની ટર્મ વિક્રમસંવત ૨૦૧૭ થી ૨૦૭૮ સુધી શરૂ થતા ત્રણવર્ષ સુધી માટેના નવા વરાયેલા પદાધિકારીઓની નામાવલી નિમ્ન લિખિત મુજબ છે. પ્રમુખ તરીકે રતન લાલજી દેવીચંદજી વઢેરા, બાડમેર (રાજસ્થાન), ઉપપ્રમુખો તરીકે હેમચંદ મૂળજી ગડા-નાન રતડિયા (ક.વી.ઓ), ચિમનલાલ મેઘજી મોતા-વારાપધ્ધર (ક.દ.ઓ.), મંત્રીઓ તરીકે વિનોદ ખીમજી ગંગર-પુનડી (ક.વિ.ઓ.), પ્રવીણ ટોકરથી લોડાયા-કોઠારા (ક. દ.ઓ.), મિશ્રીમલજી આશુ લાલજી શ્રીશ્રી મલ બાડમેર (રાજસ્થાની) તથા જયંત કુમાર ચીમનલાલ સંઘવી (મુંદ્રા, ગુર્જર)

## કે.ડી.ઓ. સમાજના યુવાવર્ગ માટે સિવિલ સર્વિસની પરીક્ષાઓ માટે માર્ગદર્શન શિબિર

કે.ડી.ઓ. સમાજના યુવક/યુવતીઓ માટે સીવિલ સર્વિસીઝની પરીક્ષાઓ (IAS / IPS / IRS)ની તૈયારી કરવા માર્ગદર્શન માટે એક સેમિનારનું આયોજન શનિવાર તા. ૧૬ નવેમ્બર,૨૦૧૯ના બપોરે ૩ વાગ્યે શ્રી વીરજી લધાભાઈ વિદ્યાર્થી ગૃહ, ભવાનજી અરજણ એજ્યુકેશન કેમ્પસ, કામા લેન, ઘાટકોપર(વેસ્ટ), મુંબઈ ૪૦૦૦૮૬ ખાતે કરવામાં આવ્યું છે.

આ સેમિનારમાં ફેકલ્ટી તરીકે ૨૦૦૭ બેચના IRS અને GSTના જોઈન્ટ કમિશ્નર પ્રિયેશ ભેદા, IRS અને ઇન્કમ ટેક્ષના જોઈન્ટ કમિશ્નર દિલીપ નાગડા, ૧૯૯૦ બેચના IP TAFS અને ભારત સરકારની મીનીસ્ટ્રી ઓફ હ્યુમન રિસોર્સ ડેવલપમેન્ટ(HRD)ના જોઈન્ટ સેક્રેટરી દર્શના મોમાયા તેમજ IRTS અને વેસ્ટર્ન રેલવેના CCM રાજીવ જૈન માર્ગદર્શન આપશે. કે.ડી.ઓ. સમાજના યુવાવર્ગને સિવિલ સર્વિસીઝમાં જોડાઈનેને સરકારી સંસ્થાઓમાં ઉચ્ચ પદે પહોંચવા માટે માર્ગદર્શન તથા પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી આ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રિયેશ ભેદા ઈચ્છે છે કે કે. ડી.ઓ. સમાજની યુવાપેઢીએ ગવર્નમેન્ટ ડીપાર્ટમેન્ટમાં સક્રિય રીતે જોડાવું જોઈએ અને આ હેતુથી તેઓ આ સેમિનાર માટે પોતાનો અમુલ્ય સમય ફાળવી રહ્યા છે.

આ સેમિનારનું આયોજન શ્રી વીરજી લધાભાઈ વિદ્યાર્થી ગૃહ અને શિક્ષણ પ્રચારક સમિતિ(એસ.પી. ટ્રસ્ટ) દ્વારા કરવામાં આવી રહ્યું છે અને શ્રી કે.ડી.ઓ. વિદ્યાર્થી સંઘ આ સેમિનારના આયોજનમાં સહયોગ આપી રહ્યો છે. રજીસ્ટ્રેશન માટે રૂ. ૧૦૦ની રીફંડેબલ ડીપોઝીટ સાથે સંપર્ક: રાજેશ જોશી - ૯૦૭૬૩ ૩૦૮૬૫ અથવા ઉજ્જવલ લોડાયા - ૯૮૦૦૦ ૦૦૦૦૦.

## શ્રી શાંતિનાથ સાંધાણતીર્થ મધે પંચાન્હિકા મહોત્સવનું ભવ્યતાથી આયોજન

સાંધાણ તીર્થ મધે શ્રી શાંતિનાથ જીનાલયના જીર્ણોધ્ધાર પંચાન્હિકા મહોત્સવનું ભવ્ય આયોજનને થોડાક અઠવાડિયા બાકી છે. જે માટે સૌ ગામવાસીઓ ઉત્સાહિત છે. છેલ્લી મીટીંગમાં થયેલ ચર્ચા મુજબ ધાર્મિક પ્રસંગે તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો રાખવામા આવેલ છે. જેમાં સહભાગ લેનાર એ પોતાની નોંધણી કરાવી લેવી. પંચાન્હિકા મહોત્સવની સાંજે સ્કિટ અથવા ડ્રામા, ધાર્મિક સંદેશ સાથે વાર્તાકથન, લોકગીત અથવા આધ્યાત્મિક ગીત ગાયન, પરંપરાગત સોલો અથવા સમૂહ ડાન્સ અથવા અન્ય રીતે અભિવ્યક્તિ દર્શનમાં પોતાની અથવા પોતાના બાળકોની એન્ટ્રી તા. ૨૫ ઓક્ટોબર સુધી કરાવી લેવી સાંધાણ યુથ ફ્રન્ટ વતી છાયા ધરમશી-૯૬૧૯૭૧૧૫૫૧, યોગીની મૈશરી-૯૯૨૦૦૮૭૮૪૫ની પાસે.

## વાડાપધ્ધર અને રાણપર જિનાલયની સાલગિરાહની ધજા ઉપર વાસક્ષેપ દ્વારા આશીષ મળ્યા

અબડાસા પંથકના વારાપધ્ધર તથા રાણપર ગામ ના જિનાલયની સાલગિરાહ ફેબ્રુઆરી ૨૦૨૦માં નિર્ધારીત છે. આ ભવ્ય અવસરની માટે ધજા ઉપર વાસક્ષેપ દ્વારા આશીષ વર્ષા પ.પૂ.પૂર્ણભદ્ર સાગરજી મ.સા.એ શિમસ્તુ તીર્થમાં કરી હતી.



# ભાંડુપ સંઘમાં જૈનોલોજી કોર્સનો પ્રારંભ થયો

શનિવાર તા. ૧૨ ઓક્ટોબર રોજે કચ્છી દશા ઓસવાલ જૈન સંઘમાં પ.પૂ વિરાગ ગુણાશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં જૈનોલોજી કોર્સની શરૂઆત કરાઈ પ્રારંભ રામજીભાઈ ધરોડ તેમજ અન્ય અગ્રણીઓ દ્વારા દીપ પ્રાગટ્ય દ્વારા કરાવ્યો. કુલ એંસી જણએ જૈનોલોજી કોર્સ માટે ફોર્મ ભર્યા હજી એકસો જેટલા આ કોર્સમાં જોડાવવા ઈચ્છુક છે. જૈનોલોજીના અભ્યાસક્રમ દ્વારા ધર્મજ્ઞાનની ઉત્સુકતા બતાવનાર સૌ જિજ્ઞાસુજનો, અભ્યાસુઓની અઢળક અનુમોદના.








# બેંગ્લુર જ્ઞાતિ મહાજન દ્વારા ચૈત્ય પરિપાટીનું આયોજન કરાયું



તા ૧૩ ઓક્ટોબર રવિવારનાં દિને શ્રી કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિ મહાજન બેંગ્લુર દ્વારા ૧૦૮ નાકોડા અવંતી પાર્શ્વનાથ દેરાસર તથા દેવનહાલી પાસેના મીનિ સિદ્ધાચલતીર્થ માટેની ચૈત્ય પરિપાટીનું આયોજન કરાયું. જેમાં ૬૦ જેટલા મેમ્બર ઉત્સાહ ભેર જોડાયા હતા. સૌ વિવિધ ધર્મ સ્થાનકોમાં દેવદર્શનો અને બંન્ને દેરાસરમાં પૂજનમાં અતિ મોંઘેરો લહાવો લીધો હતો મહાજનશ્રીના પદાધિકારીઓ સાથે કાર્યકરો જોડાયા હતા. સૌ આનંદ ભેર લાભ પામી ધન્યતા અનુભવી હતી.







## અમારૂં નવું સરનામું અને ફોન

**શ્રી અનુજ ગિરીશ લોડાયા (રવા)** સી - ૨૦૪, બીજે માળે, રાજ પાર્ક કો. ઓ. હા. સોસાયટી, રાજાજી પથ, મઢવી બંગલાની પાસે, ડોંબિવલી (પૂર્વ) - ૪૨૧ ૨૦૧. મો. નં. 9579787800

# જીવન ઘટમાળ

### ● જન્મ ●

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫-૦૯-૨૦૧૯ | વડોદરા | હિતાંશ, ઉર્વી, પવન તરુણ નાગડા | કોઠારા | પુત્ર |

### ● જ્ઞાતિ સગપણ ●

| | | | | |
|---|---|---|---|---|
| ૦૮-૧૦-૨૦૧૯ | ખારઘર | ધ્રુવિન જયેશ પોપટલાલ ધરમશી | ગોરખડી | ૨૭ |
| | ડોમ્બીવલી | દિવ્યા પંકજ હીરજી માલદે | દલતુંગી | ૨૬ |
| ૧૩-૧૦-૨૦૧૯ | ડોમ્બીવલી | ચિરાગ પ્રદીપ ચાંપશી નાગડા | નલિયા | ૩૪ |
| | ડોમ્બીવલી | ખ્યાતિ રતિલાલ વેલજી રતાણી (લોડાયા) | તેરા | ૩૨ |
| ૧૩-૧૦-૨૦૧૯ | ભાંડુપ | વિશાલ માનીશ કિશોર મોતા | રાયધણજર | ૨૭ |
| | ઘાટકોપર | ક્રીના કેતન ગોવિંદજી અજાણી (લોડાયા) | કોઠારા | ૨૭ |

### ● આંતરજ્ઞાતિ સગપણ નોંધ ●

| | | | | |
|---|---|---|---|---|
| ૨૯-૦૯-૨૦૧૯ | અમદાવાદ | મોનીલ હર્ષદ શાહ | ખાવડ | ૨૩ |
| | અમદાવાદ | સ્નેહા રાજેશ છેડા | નલીયા | ૨૫ |
| ૦૮-૧૦-૨૦૧૯ | ચીંચપોકલી | રોહન ધીરજલાલ રાયશી હરિયા | ડુમરા | ૩૩ |
| | મસ્જિદબંદર | પાયલ રમેશ શામજી લાલકા | ધ્રાફા | ૩૫ |
| ૦૮-૧૦-૨૦૧૯ | કાંદિવલી | પ્રવિણ લખન નાનકુ સિંઘ | ઝારખંડ | ૩૨ |
| | થાણે | માહી રાજેન્દ્ર કુંવરજી લાલકા | બાંઢીઆ | ૩૦ |

### ● લગ્ન છૂટા ●

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩-૦૮-૨૦૧૯ | ડોમ્બીવલી | હેમલ લહેરચંદ સોની | સાયરા | ૩૫ |
| | વડોદરા | હર્ષા પ્રફુલ શાહ (લોડાયા) | તેરા | ૨૭ |

### ● મરણ ●

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨-૧૦-૨૦૧૯ | કોઈમ્બતુર | વિરેન શામજી મોમાયા | વરાડીયા | ૬૮ |
| ૧૩-૧૦-૨૦૧૯ | ગદગ | કુમારપાલ નવીનચંદ લાલકા | લાલા | ૫૧ |
| ૧૩-૧૦-૨૦૧૯ | ડોંબિવલી (પૂ) | મણિલાલ પદમશી મોતા | નલીયા | ૭૨ |
| ૧૬-૧૦-૨૦૧૯ | માલેગામ | લક્ષ્મીબાઈ ખીમજી મોમાયા | સાંયરા | ૮૨ |
| ૧૮-૧૦-૨૦૧૯ | મુલુંડ (પૂ) | પુષ્પાબાઈ મણિલાલ મોમાયા | સાંયરા | ૭૨ |


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા




● સમસ્ત બ્રહ્મસમાજ મહિલામંડળ આદિપુર-ગાંધીધામ દ્વારા પૂર્વકચ્છમાં સૌ પ્રથમ વખત બ્રહ્મભાઈઓ અને ભગિનીઓ માટે લાડુસ્પર્ધાનું આયોજન કરાયું હતું. બ્રહ્મસમાજની સંસ્કૃતિને જાળવવા લાડુ સ્પર્ધા સારો પ્રયાસ હોવાની લાગણી વ્યક્ત કરાઈ હતી. ૧૮ જેટલા ભાઈ બહેનો જોડાયા હતા. ત્રણ ત્રણ સ્પર્ધકો ૧૧ લાડુ આરોગી ભાઈ અને બહેનો વિભાગમાં પ્રથમ ક્રમે રહ્યાં હતા.

● અત્યાર સુધી ભુજમાં જેટ એરવેઝ અને એરઈન્ડિયાની વિમાની સેવા ઉપલબ્ધ હતી. પરંતુ જેટની સેવાનો સંકેલો થતા સપ્તાહમાં માત્ર ચાર દિવસ ઊડતી એર ઈન્ડિયાની સેવા જિલ્લાના જરૂરતને પહોંચી વળવા અપૂરતી સાબિત થઈ છે. જેટના વિકલ્પમાં કંડલા વિમાન મથકેથી સ્પાઈસ જેટ દ્વારા મુંબઈની દૈનિક વિમાની સેવા શરૂ તો થઈ છે. પણ તે જાણે કમાવવા માટેની હોવાની કડવી છાપ ઉપસી રહી છે. ૧૫ થી ૨૦ હજાર વસૂલતી એરલાઈન્સ માટે મહતમ મર્યાદા સુનિશ્ચિત કરવાની માંગ થઈ રહી છે.

● અમદાવાદ મેટ્રો રેલ યોજના માટે રચાયેલી ખાસ તજજ્ઞોની સમિતિનું સુકાન મૂળે કચ્છ ભૂજના અને કાયદા સચિવ રહી ચૂકેલા પી.જે ધોળકિયા ને સોપાંયુ છે. આ યોજનાથી જેમને અસર થશે તેવા પરિવારોના ભૂમિ સંપાદનથી માંડીને વળતર તેમજ પુર્નવસન જેવા પ્રશ્નોના નિરાકરણને માટે ગુજરાત મેટ્રોરેલ કોર્પોરેશન દ્વારા રચાયેલી સમિતિના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરાયા છે. તેઓ ગુજરાતના ચૂંટણી કમિશનર તરીકે પણ કાર્ય ફરજ બજાવી ચૂક્યાં છે.

● મસ્કત ગુજરાતી સમાજના ઉપક્રમે ગુજરાતી વિંગ ઓફ ઈન્ડિયા સોશિયલ ક્લબ ઓમાન દ્વારા ઓસમાન મીર અને ગ્રુપનો સંગીતના કાર્યક્રમનું આયોજન કરાયું હતું. કચ્છના જાણીતા કલાકાર શૈલેશજાની, ઓસમાણ મીર તેમના પુત્ર અમીર મીરને મોમેન્ટો આપી સન્માન્યા હતા. ઓસમાણ મીરે સતત સાડા પાંચ કલાક સુધી દેશભક્તિના ગીતો, ગઝલ, કવાલી, ભજન, દુહા ફિલ્મી ગીતોની રમઝટ બોલાવી હતી.

● ઉત્કલ યુવા સાંસ્કૃતિક સંઘ દ્વારા કટક (ઓરિસ્સા)માં યોજાયેલ ૨૭મા ઈન્ટરનેશનલ ફેસ્ટિવલ થિયેટર સમારોહમાં કચ્છના આર્યન્સ મ્યુઝિક જંકશનના સંગીત છાત્રો કિશન સોની અને કાવ્ય દોશી એ કી બોર્ડ ઈન્સ્ટ્રુમેન્ટલ સોલો (જુનિયર)માં પ્રથમ ક્રમાંક અને સબકેટેગરીમાં પ્રથમ ક્રમાંક અનુક્રમે વિજેતા ઠર્યા હતા દસદિવસના આ કાર્યક્રમમાં ૧૨૦૦થી વધુ કલાકારો પોતાની કલા પ્રદર્શિત કરી હતી.

● કિસાનોના આરાધ્ય દેવ બલરામ ભગવાનની જન્મજયંતીની ઉજવણી નખત્રાણાના ધરતીપુત્રો પૂજા, આરતી, હોમ હવન સાથે ઉજવ્યો હતો. વિશાળ શોભાયાત્રા નીકળી હતી. ઉત્સવમાં કિસાન પરિવારો ઉમળકાભેર સહભાગી થયા હતા.

● કેન્દ્રીય વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રાલયની વિજ્ઞાનની ઉપલબ્ધિઓને લોકોના જીવન સાથે જોડીને સામાન્ય પ્રજા સુધી પહોંચાડવાની મિશન ઈકોનેક્સ્ટ યોજના હેઠળની કચ્છ યુનિવર્સિટીના અર્થ એન્ડ એન્વારમેન્ટ ડિપાર્ટમેન્ટ દ્વારા આયોજીત ઈકો યુરેકા વર્કશોપનું બન્નીના ઘાસીયા મેદાન વાળા વિસ્તારમાં પ્રવાસ સાથે સમાપન થયું હતું. સમગ્ર ગુજરાતની યુનિવર્સિટીઓ માંથી કચ્છને મળેલા આ પ્રોજેક્ટ અંતર્ગત પાંચ દિવસીય તાલીમ યોજાઈ હતી. શાળા કોલેજ યુનિ.ના ૨૮થી વધુ વિદ્યાર્થીઓ વન અધિકારીઓ, અધ્યાપકો અને માલધારીઓએ એક મંચ પર આવી ચર્ચા કરી હતી. આમ પરંપરાગત જ્ઞાન અને વિજ્ઞાનના તાલમેલ સાથે ચર્ચા કરી હતી.

# વસઈસંઘમાં શ્રી સિદ્ધચક્ર પૂજનનું ભવ્યાતિભવ્ય આયોજન થયું





વસઈ અચલગચ્છ જૈન સંઘમાં વિમલનાથ દાદાને દરબારે ચાર્તુમાસિક આરાધનાઓની શ્રૃંખલા જોરદાર રીતે વરસી રહી છે. જેનો લાભ સકળ સંઘના સૌ ધન્યતાથી લઈ રહ્યાં છે. તા. ૧૩ ઓક્ટોબર રવિવાર રોજે આધ્યાત્મ યોગી ગુરૂદેવશ્રી ઉદયરત્નસાગરજી મ.સા. આદિઠાણાની પાવન નિશ્રામાં શ્રી સિદ્ધચક્ર મહાપૂજનનું ભવ્યાતિ ભવ્ય આયોજન સફળતા પૂર્વક કરાયું.

પૂજ્યશ્રીએ વિધિવિધાનથી ધર્મજ્ઞાન સાથે પૂજનનું મહત્વ સૌને સમજાય એવી સરળ ભાષામાં ભણાયેલ. મોટી સંખ્યામાં પૂજન મંડળ આસપાસ પરિસરના સંઘોના આગેવાનો, અખિલ ભારત અચલગચ્છના પદાધિકારી મોવડીઓ તેમજ સકળ સંઘના શ્રાવક શ્રાવિકાઓ મોટી સંખ્યામાં હાજર રહી સિદ્ધચક્ર મહાપૂજનના આયોજનને ભવ્યાતિ ભવ્ય રીતે સફળ રહેએ માટે સહયોગ આપ્યો હતો અને ધર્મ ભાવ પામવાનો લાભ લીધેલ હતો.







PARAB

SHAKTI SANJIVANI SOCIETY'S

# DIWALI GIFT BOXES

## *Two Options To Choose From*



MASALA PECANS
PROTEIN MIX
DATE DELIGHT
ALMOND BISCOTTI
KESAR

**Home-made ▪ Quality Ingredients ▪ Great value for money**



DATE DELIGHT
PROTEIN MIX
FLAXSEEDS CRISPS

*For placing orders contact :*

BENAIFER VIKAMSEY
+91 93240 85892

VAISHALI SHAH
+91 99204 22250

Plan the present, secure the future.

## Get a Family Insurance!



# insurancekhoj.com™

**the ultimate stop for insurance™**

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

# Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

**MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL**

KDO **Gyatimaiya** Weekly E-magazine KDO